અપીલ અરજી નં.૧૨૩ તા.૧૫–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચંપાબેન તે કેશવભાઈસોમાભાઈની દીકરી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંપાબેન તે કેશવભાઈસોમાભાઈની દીકરીની તા.૧૧–૫–૧૧ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ ડભોલીના વધારેલ હદ મુજબ રે.સ. નં.૩૬/બી ની વાડાની જમીનમાં નોંધ નં.૧૦૭ થી નોંધાયેલી મિલ્કતનો મ્યુ. ટેનામેન્ટ નંબર–૧૯ બી/૦૧/૦૯૭૧/૦/૦૦૨/૦ છે. જે મિલ્કતની આકારણીમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓના તમામે તમામ પેપર્સ તથા તે મિલ્કતને લગતી દસ્તાવેજીની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૨૩/૨૦૧૧–૧૨

શ્રી ચંપાબેન તે કેશવભાઈસોમાભાઈની દીકરીની તા.૧૧–૫–૧૧ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ ડભોલીના વધારેલ હદ મુજબ રે.સ. નં.૩૬/બી ની વાડાની જમીનમાં નોંધ નં.૧૦૭ થી નોંધાયેલી મિલ્કતનો મ્યુ. ટેનામેન્ટ નંબર–૧૯ બી/૦૧/૦૯૭૧/૦/૦૦૨/૦ છે. જે મિલ્કતની આકારણીમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓના તમામે તમામ પેપર્સ તથા તે મિલ્કતને લગતી દેસ્તાવેજીની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ જ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૪ તા.૨૨–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ જ પ્રતિભાવ ન મળવાથી નારાજ થઈ અરજદારે તા.૧૫–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલના કારણમાં અરજીના કોઈ મુદ્દાનો જવાબ આપેલ નથી કતારગામઝોન ધ્વારા અરજદારને માહિતી આપવા માંગતા નથી તેવું ફલિત થાય છે અને ફકત સમય પસાર કરેલ છે તેથી અપીલ કરવાની ફરજ પડેલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ પણ માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની પ્રક્રિયામાં આવતો કિસ્સો હોવાનો જાહેર માહિતી અધિકારીનો મત હોય તો કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી જાહેર માહિતી અધિકારીની તેવી પ્રક્રિયા બાદ લીધેલ યોગ્ય નિર્ણય અરજદારને દિન–૨૦ માં જણાવવા અને તે પૈકીની માહિતી જાહેર કરવાનો મત હોય તો તે મુજબ અરજદારને માહિતી–૨૦ માં પૂરી પાડવા અને થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચંપાબેન તે કેશવભાઈસોમાભાઈની દીકરી,